eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 75
Nov. 3, 2006

## સુરત મહાનગરપાલિકાની સામાન્ય મુદ્રામાં રહેલી આદર્શ ભાવનાને ઓળખો

સુરત મહાનગરપાલિકાની સામાન્ય મુદ્રા માટે અપનાવવામાં આવેલ ચિન્હનો ભાવાર્થ નીચે મુજબ છે.

**૧. સૂર્ય :** પૌરાણીક ઈતિહાસમાં સુર્યપુત્રી તરીકે ઓળખાતી તાપી નદીના કિનારા ઉપર વસેલું સુરત શહેરનું પ્રાચીન નામ સૂર્યપુર છે.

ઐતિહાસિક સુરત શહેરના આ પ્રાચીન નામમાં રહેલ સૂર્યની સ્મૃતિરૂપે અને સાથે સાથે સૂર્યની જેમ આ શહેર પણ સમગ્ર જગતમાં પ્રકાશતુ રહે તે ગૂઢ ભાવાર્થ પણ તેમાં રહ્યો છે.

વધુ માટે કલીક કરો >>>>>

## સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૧મી જન્મજયંતિ



સુરત મહાનગરપાલિકા તરફથી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૧મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧–૧૦–૨૦૦૬ને મંગળવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદારશ્રીની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમાં સુરતના પ્રથમ નાગરિક મા. મેયર ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશ્નરશ્રી પંકજ જોષી, શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી રૂપીનભાઈ પચ્ચીગર, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન સીરોયા, વિવિધ સમિતિના અધ્યક્ષો, સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ માજી મેયરશ્રી ચીમનભાઈ પટેલ, માજી સદસ્યો, શહેરના અગ્રણીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુતરની આંટી અર્પણ કરીને વંદના કરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાની સામાન્ય મુદ્રામાં રહેલી આદર્શ ભાવનાને ઓળખો

સુરત મહાનગરપાલિકાની સામાન્ય મુદ્રા માટે અપનાવવામાં આવેલ ચિન્હનો ભાવાર્થ નીચે મુજબ છે.

**૧. સૂર્ય :** પૌરાણીક ઈતિહાસમાં સુર્યપુત્રી તરીકે ઓળખાતી તાપી નદીના કિનારા ઉપર વસેલું સુરત શહેરનું પ્રાચીન નામ સૂર્યપુર છે.

ઐતિહાસિક સુરત શહેરના આ પ્રાચીન નામમાં રહેલ સૂર્યની સ્મૃતિરૂપે અને સાથે સાથે સૂર્યની જેમ આ શહેર પણ સમગ્ર જગતમાં પ્રકાશતુ રહે તે ગૂઢ ભાવાર્થ પણ તેમાં રહ્યો છે. આજે સુરત શહેર આપબળે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ડાયમંડ સીટી, સીલ્ક સીટી અને સ્વચ્છ સુંદર સુરત તરીકે ખ્યાતિ પામ્યુ છે.

**૨. ચક્ર :** ચક્ર એ પ્રગતિ, નવસર્જન, ઉદ્યોગો અને વેપારનું પ્રતિક છે.

સુરત શહેરે અનેક ક્ષેત્રે પ્રગતિ સાધી છે અને નવસર્જન કર્યુ છે. સુરત શહેર અને તેની આજુબાજુ અનેક મોટા ઉદ્યોગો સ્થપાયા છે અને ડાયમંડ, સીલ્ક, જવેલરી જેવા વ્યાપાર ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર બન્યું છે તથા એશિયાના સૌથી ઝડપી વિકાસ પામતા શહેર તરીકે નામના મેળવી છે.

**૩. સ્વસ્તિક :** સ્વસ્તિક શાંતિ અને એકતા, કલ્યાણ અને સમૃદ્ધિનું પ્રતિક છે.

સુરત શહેરની પ્રજા શાંતિપ્રિય છે અને કોમી એકતા માટે જાણીતી છે. સુરત શહેર એક સમૃદ્ધ શહેર છે અને તેથી જ સુરતના પ્રજાજનો મોજીલા અને સુરતીલાલા તરીકે જાણીતા છે. સુરત મહાનગરપાલિકા દેશની સૌથી સમૃદ્ધ મહાનગરપાલિકા છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિ અને કુદરતી આફતોમાં પણ સુરત શહેરની પ્રજામાં એકબીજાને મદદરૂપ થવાની અને કલ્યાણની ભાવના દેખાઈ આવી છે.

**૪. બે મોર :** મોર એ રાષ્ટ્રીય પક્ષી છે અને બે મોર વિપુલતા દર્શાવે છે.

બે મોર બાકીના પ્રતિક ચિન્હોને સમાવીને વિપુલતાની પ્રતિતિ કરાવે છે. સુરત શહેરમાં જે કોઈ વ્યકિત રોજગારી અર્થે આવે છે તેને સુરત શહેરે અપનાવ્યા છે. સુરત શહેરે સર્વ પ્રજાજનો, વ્યાપાર–ઉદ્યોગોનો પોતાનામાં સમાવેશ કરવાની ઉદારતા દર્શાવી છે. સુરત શહેરમાં અનેક પરપ્રાંતિયો આવીને વસ્યા છે અને સુરતની અર્ધા કરતાયે વધુ વસ્તી પરપ્રાંતિયોની છે.

આમ, સુરત મહાનગરપાલિકાના પ્રતિકમાં રહેલી, તે દ્વારા પ્રદર્શિત થતી દરેક ભાવનાને સુરત શહેર અને તેના નાગરિકોએ અર્થસભર કરી છે.

પ્રસ્તુતિ :
બાબુરાવ બી. મોરે
પર્સનલ ઓફિસર, વેસ્ટ ઝોન

TOP

## સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૧મી જન્મજયંતિ

સુરત મહાનગરપાલિકા તરફથી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૧મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧–૧૦–૨૦૦૬ને મંગળવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદારશ્રીની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમાં સુરતના પ્રથમ નાગરિક મા. મેયર ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશ્નરશ્રી પંકજ જોષી, શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી રૂપીનભાઈ પચ્ચીગર, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન સીરોયા, વિવિધ સમિતિના અધ્યક્ષો, સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ માજી મેયરશ્રી ચીમનભાઈ પટેલ, માજી સદસ્યો, શહેરના અગ્રણીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુતરની આંટી અર્પણ કરીને વંદના કરી હતી.



TOP